# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત

## મ્યુનિસિપલ સ્નાનાગારના નિયમો

૧. સભ્ય પદ મેળવવા બાબત :

૧. સભ્ય થવા ઈચ્છતી વ્યક્તિએ તે અંગેનું પ્રવેશપત્ર પુરી તથા સાચી હકીકત સાથે ભરી દાખલ થવા અંગેની દાકતરની તપાસ, તરતા જાણકાર હોવા અંગેની પરીક્ષા વિ. અમલમાં હોય તે જરૂરી વિધિ પસાર કરવાની રહેશે.

૨. ઉપરની તમામ વિધિ વખતે પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ, પ્રવેશપત્ર સાથે રજૂ કરવાના રહેશે.

૩. પ્રવેશપત્રમાં સાચી તેમજ સંપૂર્ણ હકીકત રજૂ ન કરનાર વ્યક્તિનું સભ્યપદ શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

૪. ૧૮ વર્ષથી નીચેની ઉંમર ધરાવનાર વ્યક્તિએ પ્રવેશપત્રમાં પોતાના પિતા અગર વાલીની સંમતી દર્શક સહી મેળવવાની રહેશે.

૫. જાણકાર સભ્યપદ મેળવવા માટે સ્નાનાગારના જાણકાર, સમય દરમ્યાન જે તે સ્નાનાગારની (લેન્થ) લંબાઈના બે લેન્થનો તરણનો ટેસ્ટ સંતોષકારક રીતે આપવાનો રહેશે.

૨. સભ્યોએ પાળવાના નિયમો :

૧. સ્નાનાગરમાં ન્હાવા માટેના કે અન્ય કોઈ ક્ષેત્રમાં કાર્યક્રમ અંગે પ્રવેશ મેળવવા માટે પોતાનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૨. શાવરરૂમ્સ વિભાગમાં પ્રવેશ કરતી તેમજ બહાર નીકળતી વખતે પ્રવેશદ્વાર પર સભ્યના પ્રવેશ અંગેની નોંધબુકમાં તમામ નોંધ તથા સહી સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ કરવાની રહેશે.

૩. સ્નાનાગારના પાણીમાં પ્રવેશ કરતા પહેલાં શાવરરૂમ્સ વિભાગમાં સંપૂર્ણ રીતે શરીર સ્વચ્છ થાય તે રીતે સ્નાન કરવાનું રહેશે.

૪. ન્હાવા માટે વાંધાજનક ન ગણી શકાય તેવા ઘેરા રંગનો, તરવા અંગેનો પોશાક, બેથીંગ કોસ્ચ્યુમ દરેક સભ્યોએ પહેરવાનો રહેશે. ઉપરાંત સ્ત્રીઓ તેમજ લાંબા વાળ ધરાવતી વ્યક્તિઓએ બેથીંગ કેપ પહેરવાની રહેશે.

૫. કોઈપણ સભ્ય નીયત જગા સિવાય સ્નાનાગારના પાણીમાં કે બહાર સ્થળ પર થુંકવાની, પેશાબ કરવાની અગર મળત્યાગ કરવાની ક્રિયા અગર ન્યુસન્સ કરી શકશે નહીં.

૬. કોઈપણ સભ્ય, આકસ્મિક મુલાકાતી કે સભ્યના મહેમાન જો ચામડીનાં કોઈપણ ચેપી રોગથી પીડાતા હોવાનું માલુમ પડશે તો, જ્યાં સુધી તેવો રોગ સંપૂર્ણ દૂર થયો હોવાની ખાત્રી અધિકૃત અધિકારીને સંતોષજનક રીતે ન થાય, ત્યાં સુધી તેમને સ્નાનાગારનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૭. સ્નાનાગારમાં તરતી વખતે તાલીમ લેતી વખતે, કોઈપણ સભ્ય તોફાન, મોટેથી બુમાબુમ અગર બીજા સભ્યોને વાંધાજનક હોય તેવું અસભ્ય વર્તન કરી શકશે નહીં.

૮. કોઈપણ સભ્ય સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર સ્ટાફની ગેરહાજરીમાં પાણીમાં પ્રવેશ કરી શકશે નહીં.

૯. કોઈપણ સભ્ય દિવસમાં એકથી વધુ વખત તેમજ એકીસાથે ૪૫ મીનીટથી વધુ સમય સ્નાનાગારનો ઉપયોગ કરી શકશે નહીં.

૧૦. "શિખાઉ" તેમજ "તરતા જાણકાર" સભ્યોનો નિયત સમય પુરો થતાની પાંચ મીનીટ અગાઉ ઘંટડી વગાડવમાં આવશે. જે બાદ દરેક સભ્યએ પાંચ મીનીટમાં જ સ્નાનાગારના પાણીમાંથી બહાર આવી જવાનું રહેશે. ત્યારબાદ ૧૫ મીનીટમાં જ શાવરરૂમ્સ વિભાગની બહાર આવી જવાનું રહેશે.

૧૧. કોઈપણ સભ્ય બીજી વ્યક્તિને સ્નાનાગરમાં પ્રવેશ મેળવવા માટેનું પોતાનું ઓળખપત્ર આપી શકશે નહિ. તેમજ ઓળખ પત્રમાંની માહિતીમાં કંઈપણ ફેરફાર કે ચેકચાક કરી શકશે નહી. આમ કરનારનું સભ્યપદ રદ થવાને પાત્ર ઠરશે.

૧૨. "તરતા જાણકાર" અગર "શિખાઉ" સભ્યો માટેનો નિયત સમય પુરો થવાની પંદર મીનીટ અગાઉ પ્રવેશ આપવાનું બંધ કરવામાં આવશે.

૧૩. સ્નાનાગારનો ઉપયોગ કરતી વખતે તમામ સભ્યોએ ઓળખપત્રમાં દર્શાવેલ સૂચનો તેમજ ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટરની સુચનાઓ તથા આદેશોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે તથા તેઓની પરવાનગી વિના ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકાશે નહીં.

૧૪. કોઈપણ વ્યક્તિ કે સભ્ય સ્નાનાગરની જગામાં કૂતરા તેમજ બીજા જાનવર લાવી શકશે નહીં.

૧૫. કોઈપણ સભ્યએ સ્નાનાગારમાં ન્હાવા આવતી વખતે કિંમતી મિલકત જેવી કે પૈસા, પાકીટ, ઘડીયાળ, મોબાઈલ ફોન, અગર ઘરેણાં વિ. સાથે ન લાવવા ખાસ સૂચના આપવામાં આવે છે. આવી કોઈ વસ્તુ કે મિલકત ગુમ થવા અગર ચોરાઈ જવા અંગે મ્યુ. કોર્પોરેશન કે તેના કોઈપણ કર્મચારીની જવાબદારી રહેશે નહીં.

૧૬. શિખાઉ સભ્યોએ તાલીમ વર્ગમાં તાલીમ લેતી વખતે, ઓળખપત્રમાં દશાવેલ સુચનાઓ તેમજ ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટરના આદેશોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે, તથા તેઓની પરવાનગી સિવાય ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકશે નહીં.

૧૭. મ્યુ. કમિશ્નર અગર અધિકૃત અધિકારીની લેખિત મંજુરી સિવાય કોઈપણ સભ્ય સ્નાનાગાર તરફથી યોજાતી જલપ્રવૃત્તિની સ્પર્ધાઓ સિવાય બીજી કોઈ જલપ્રવૃત્તિની સ્પર્ધામાં મ્યુ. સ્નાનાગાર તરફથી ભાગ લેતાં હરીફ સામે ભાગ લઈ શકશે નહી.

૧૮. સભ્યો માટેના તમામ નિયમો તેઓના મહેમાનો કે આકસ્મિક મુલાકાતીને બંધનકર્તા રહેશે.

૩. સભ્યોએ પાળવાના નિયમો પૈકી કોઈપણ નિયમના ભંગ માટે અથવા સ્નાનાગારની જગામાં અસભ્ય વર્તણુંક કરવા માટે, અગર કોઈપણ નિયમના અનાદર માટે જે તે ગુન્હેગાર સભ્ય માટે મ્યુ. કમિશ્નર અગર અધિકૃત અધિકારી પગલાં લઈ શકશે તથા તેવા સભ્યને સ્નાનાગારની જગામાંથી બહાર કાઢી શકશે, ઓળખપત્ર જપ્ત કરી શકશે તેમજ તેવા સભ્યનું સભ્યપદ યોગ્ય લાગે તેટલા સમય માટે સ્થગીત (સસ્પેન્ડ) કરી શકશે. અગર સર્ટીફીકેટ ઓફ પોસ્ટીંગથી નોટીસ આપી સભ્યપદ રદ કરી શકશે. આ નિયમાનુસાર લીધેલ પગલાં અંગે મ્યુ. કમિશ્નર કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

૪. મ્યુ. કોર્પોરેશન કે તેના કોઈપણ અધિકારી / કર્મચારી સ્નાનાગારની જગ્યામાં થતા કોઈપણ અકસ્માત, ઈજા, નુકશાન, જાનહાનિ કે મૃત્યુ માટે જવાબદાર રહેશે નહીં.

૫. અગાઉથી નોટીસ આપ્યા વિના કોઈપણ દિવસ કે સમયે સ્નાનાગાર બંધ કરવાની કે કોઈપણ સભ્યને પ્રવેશ ન આપવાની મ્યુનિ. કમિશ્નર અધિકૃત અધિકારીને સત્તા રહેશે.

૬. ઉપરના સામાન્ય નિયમ તથા શરતો ઉપરાંત તેને બાધ ન આવે તે રીતે સંજોગો અનુસાર, મ્યુનિ. કમિશ્નર અગર અધિકૃત અધિકારી જરૂરી પગલાં લઈ શકશે અને તેમાં સુધારો કરી શકશે.

ઉ. સ્ટે.ક.ઠ.નં.૮૦૬ તા.૧૯/૧૦/૨૦૧૮ થી મળેલ મંજુરી તથા મ્યુ. બોર્ડની સામાન્ય સભા ઠરાવ નં.૯૮૫ તા.૨૮/૧૧/૨૦૧૮ થી મળેલ મંજુરી અનુસાર જાણકાર સભ્યો માટે ફીના દર

| વિગત | અ-વર્ગ<br>વાસણા સ્નાનાગાર<br>સ્ટેડિયમ સ્નાનાગાર<br>વાડજ સ્નાનાગાર<br>કાંકરીયા સ્નાનાગાર<br>ઓઢવ સ્નાનાગાર<br>ભાગેશ્રીરદોશ સ્નાનાગાર<br>રાણીપ સ્નાનાગાર<br>સાબરમતી સ્નાનાગાર | | બ-વર્ગ<br>લાલદરવાજા સ્નાનાગાર<br>હાજીપુરા સ્નાનાગાર | | ક-વર્ગ<br>ખોખરા સ્નાનાગાર<br>અસારવા સ્નાનાગાર<br>સારંગપુર સ્નાનાગાર<br>સરસપુર સ્નાનાગાર | |
|---|---|---|---|---|---|---|
| | સામાન્ય દર | કન્સેશન દર | સામાન્ય દર | કન્સેશન દર | સામાન્ય દર | કન્સેશન દર |
| જાણકાર સભ્યો માટે | | | | સુચિત દર | | |
| સભ્ય ફી | | | | | | |
| (અ) વાર્ષિક | ૩૬૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૧૪૦૦ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| (બ) ત્રિ માસિક | | | | | | |
| એપ્રિલ થી જુન | ૨૪૦૦ | ૧૭૦૦ | ૧૨૦૦ | ૮૦૦ | ૯૦૦ | ૬૦૦ |
| જુલાઈ થી સપ્ટે | ૨૦૦૦ | ૧૪૦૦ | ૧૧૦૦ | ૮૦૦ | ૮૦૦ | ૬૦૦ |
| ઓક્ટો થી ડિસે | ૮૦૦ | ૬૦૦ | ૭૦૦ | ૫૦૦ | ૪૦૦ | ૩૦૦ |
| જાન્યુ થી માર્ચ | ૧૨૦૦ | ૮૦૦ | ૯૦૦ | ૬૦૦ | ૫૦૦ | ૪૦૦ |
| (ક) છ માસિક | | | | | | |
| એપ્રિલ થી સપ્ટે | ૩૨૦૦ | ૨૨૦૦ | ૧૫૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૭૦૦ |
| ઓક્ટો થી માર્ચ | ૧૪૦૦ | ૧૦૦૦ | ૯૦૦ | ૬૦૦ | ૭૦૦ | ૫૦૦ |
| (ડ) માસિક | | | | | | |
| ફક્ત માર્ચ | ૩૦૦ | ૨૦૦ | ૨૪૦ | ૧૬૦ | ૨૦૦ | ૧૪૦ |
| શીખાઉ સભ્યો માટે | | | સુચિત દર | | | |
| | - | - | - | - | - | - |
| એક માસની સત્ર ફી | ૮૦૦ | ૬૦૦ | ૬૦૦ | ૪૦૦ | ૫૦૦ | ૩૪૦ |
| જાનરલ | | | | | | |
| ડુપ્લીકેટ કાર્ડ ફી | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| કાર્ડ ફી | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ગેસ્ટ ફી (ફક્ત જાણકાર સભ્યો માટે) | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| સ્નાનાગાર ભાડે રાખવાની એક દિવસની ડીપોઝીટ (ફક્ત તરણક્રિયા માટે) | ૨૦૦૦૦ | - | ૧૫૦૦૦ | - | ૧૫૦૦૦ | - |
| સ્નાનાગારનું એક દિવસનું ભાડુ (ફક્ત તરણક્રિયા માટે) | ૨૦૦૦૦ | - | ૧૫૦૦૦ | - | ૧૫૦૦૦ | |

ન્યુનતમ ડિસ્ટ્રીક્ટ સ્વીમીંગ ચેમ્પીયનશીપમાં પ્રથમ તથા બીજા રેન્કમાં આવેલ સ્વીમરોને રૂા.૫૦૧/- થી જાણકાર સભ્યનું સી કાર્ડ આપવામાં આવશે

● જાણકાર સભ્ય માટે ફી બાબતે નોંધ

૧. સભ્ય તરફથી અગર મુલાકાતી તરફથી ભરવામાં આવેલ ફી કોઈપણ સંજોગોમાં પાછી આપવામાં આવશે નહી.

૨. વાર્ષિક સભ્યપદ જે તે વર્ષના એપ્રિલ માસની પહેલી તારીખથી પછીના વર્ષના માર્ચ માસની આખર તારીખ સુધી નું ગણાશે. વર્ષના કોઈપણ માસમાં વાર્ષિક ફી ભરવામાં આવશે તો તેની મુદત ૧લી એપ્રિલ થી ૩૧મી માર્ચ સુધીની ગણાશે.

૩. ત્રિમાસિક સભ્યપદ જે તે સત્રની પ્રથમ તારીખથી ત્રણ માસ સુધીનું ગણાશે. દા.ત. કોઈ સભ્ય એપ્રિલ થી જુનના સત્ર દરમ્યાન કોઈપણ તારીખે ત્રિમાસિક ફી ભરે તો તેની મુદત ૧લી એપ્રિલ થી ૩૦મી જુનની ગણાશે. આ પ્રમાણે દરેક ત્રિમાસિક સત્ર માટે નિયમ લાગુ પડશે.

૪. છ માસિક ફી જે તે સત્રના પ્રથમ મહિનાથી છઠ્ઠા મહિના સુધીની ગણાશે. દા.ત. એપ્રિલ થી સપ્ટેમ્બરના છ માસિક ગાળા દરમ્યાન ગમે તે તારીખે છ માસિક ફી ભરવામાં આવશે તો પણ તેની મુદત ૧લી એપ્રિલ થી ૩૦મી સપ્ટેમ્બર સુધીની ગણારો તે પ્રમાણે ઓક્ટોબરથી માર્ચ માસના સત્રમાં ગમે તે તારીખે છ માસિક ફી ભરવામાં આવશે તો તેની મુદત ૧લી ઓક્ટોબરથી ૩૧મી માર્ચ સુધીની ગણાશે.

૫. માસિક સભ્યપદ માત્ર માર્ચ માસની પહેલી તારીખથી આખર તારીખ સુધીનું ગણાશે. વર્ષના અન્ય કોઈ મહિનામાં માસિક ફી ભરી શકાશે નહી.

૬. ઉપર બતાવેલ જુદા જુદા સમયગાળા દરમ્યાન વચ્ચેની તારીખે ભરવામાં આવેલ ફી સભ્યપદના જે તે ગાળાની પહેલી તારીખથી ગણાશે. વાર્ષિક, છ માસિક, ત્રિમાસિક તથા માસિક સમયગાળો પુરો થયા પછી સભ્યપદ રદ ગણાશે, પછીના સત્રમાં નવેસરથી પ્રવેશ મેળવવાનો રહેશે.

૭. સીનીયર સીટીઝનના લાભ તરીકે ૬૦ વર્ષની ઉપરના સભ્યોને માત્ર તરતા જાણકાર માટેની ફી માં ૫૦% કન્સેશન મળશે.

૮. વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ, મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓના આશ્રિતો, મ્યુનિ. કર્મચારીઓ તેમજ મ્યુનિ. કર્મચારીઓના આશ્રિતોને સ્નાનાગરમાં તરવા માટે ફીમાં કન્સેશનનો લાભ આપવામાં આવશે.